''રોડ નહિ તો વોટ નહી''ની ચીમકી

મોડાસાના હનુમાન મોરી ગામ બાવન વર્ષથી પ્રાથમિક સુવિધાઓનો અભાવ

છ ગ્રામજનોની ચૂંટણી બહિષ્કારની ચીમકી : કલેક્ટરને રજૂઆત

મોડાસા, તા. ૫

ગતિશિલ ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાતના નારાઓર્થી ગુંજતા ગુજરાતના કેટલાય ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ આવી જાહેરાતોનો પરપોટો ફોડી કાઢે છે. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરથી ફક્ત ૭ કિ.મી. દૂર આવેલા હનુમાન મોરી (સાકરીયા) ગામને વસવાટના બાવન વર્ષ બાદ પણ રોડ, વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવે મજબુરીવશ જીંદગી જીવવી પડે છે. પ્રાથમિક સુવિધાઓ મેળવવા ગ્રામજનોએ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ ધસી જઈ 'રોડ નહિ તો વોટ નહિ'ના નારાઓ વચ્ચે જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપી ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.

મોડાસાથી ફક્ત ૭ કિ.મી. દૂર મેશ્વો જલાગાર ડૂબ વિસ્તારના અસરગ્રસ્તો મેશ્વો જલાગાર યોજના અમલમાં આવતા સરકારીતંત્ર દ્વારા સાકરીયા ગામની સીમમાં પેટાપરા તરીકે હનુમાન મોરી નવી વસવાટ તરીકે બાવન વર્ષ પહેલા રહેણાંક મકાનો બનાવી વસવાટ કરી રહ્યા છે. ૩૦૦ મકાનની વસતી ધરાવતા હનુમાન મોરી ગામમાં બાવન વર્ષોનો સમય વિતવા છતા રોડ, વીજળી, પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. હનુમાન મોરી ગામનો ૨ કિ.મી.નો માર્ગ થોડાક વર્ષો અગાઉ વારંવાર રજુઆતના પગલે પથ્થર અને માટી દ્વારા રસ્તો બનાવાયો હતો પરંતુ આ માર્ગ પરથી પથ્થરો નીકળી જવાથી મોટા ખાડાઓ પડી જતા રસ્તો ચાલવા માટે પણ સલામત નથી. ૨ કિ.મી. માર્ગ પર ઝાડી ઝાંખરા મોટા પ્રમાણમાં હોવાથી ઈમરજન્સી સારવાર માટે શરૂ કરવામાં આવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી. ઈમરજન્સી સારવારની જરૂર પડે તો દરદીને ખભે ઉંચકીને કે પછી ખાટલામાં નાખી સારવાર માટે મુખ્ય રાજ્ય ધોરીમાર્ગ સુધી લઈ જવા પડતી હોવાની નોબત અનેકવાર ભોગવવી પડી છે.

ગામને અડીને જંગલ વિસ્તાર હોવાથી ૨ કિ.મી. માર્ગ પરથી પસાર થતા અને બાળકો સ્કૂલમાં શાળાએ જતા ઝાંડી જાંખરામાં ભરાઈ રહેતા વન્ય પ્રાણીઓના હૂમલાની બીકના પગલે અભ્યાસ કરવા જતા પણ ભારે ડર અનુભવી રહ્યા છે. ગામની અંદર એક વાંધુ હોવાથી ચોમાસામાં પણ અવર-જવર બંધ થઈ જાય છે.

તદ્ઉપરાંત ગામમાં સ્ટ્રીટલાઈટનો અભાવ હોવાથી સાંજ પડતા જ ગામમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. ત્યારે ગ્રામજનોએ વોટ માંગવા આવતા નેતાઓ, સરકારી વિભાગ અને વહીવટી તંત્રમાં અનેકવાર રજૂઆત કરવા છતા ગામની હાલની પરિસ્થિતિમાં સુધારો ન થતા ગ્રામજનોએ છેવટે આંદોલનનું હથિયાર ઉગામતા ગ્રામ પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવાની સાથે યોગ્ય ન્યાય નહિ મળે તો જિલ્લા પંચાયત કચેરી આગળ ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારી જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી ગામની રૂબરૂ મુલાકાત લેવા જણાવ્યુ હતુ. મોટી સંખ્યામાં ઉમટી પડેલી મહિલાઓ અને ગ્રામજનોએ યોગ્ય ન્યાયની માંગણી સાથે ''રોડ નહિ તો વોટ નહિ'' સૂત્રોચ્ચાર પોકાર્યા હતા.

જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલે આ અંગે ગ્રામજનો સાથે તેમની માંગણી સાંભળી જિલ્લા વિકાસ અધિકારી સાથે ટેલીફોનિક ચર્ચા કરી ગામમાં જલદીથી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા યોગ્ય કાર્યવાહિ કરવાની હૈયાધારણ આપવામાં આવી હતી.

બનાસકાંઠાની ધરતી પર ૨૮ વર્ષે પ્રધાનમંત્રી આવે છે

ડીસા, તા.૫

ઉત્તર ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ૧૦ ડિસેમ્બરના રોજ ડીસા મુકામેથી બનાસ ડેરી અને ખેડૂતોને લગતી વિવિધ યોજનાઓ જેવી કે સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ જન્મ શતાબ્દી ઉજવણી, બનાસડેરીના નવનિર્મિત ચીઝ અને વ્હે પ્લાન્ટ, કાંકરેજ ગાય એ-૨ અમુલ દૂધ પ્રોજેકટ અને બનાસ મધ પ્રોજેકટનો પ્રારંભ કરનાર છે. એ અનુસંધાને આજે પાલનપુર મુકામે દાંતા અમીરગઢ, વડગામ અને પાલનપુર તાલુકાના દૂધ મંડળીઓ તથા સેવા સહકારી મંડળીના ચેરમેન-મંત્રીઓની અને અન્ય ખેડૂત આગેવાનોની સભા યોજાઈ ગઈ. આ પ્રકારે દાંતીવાડા અને ધાનેરા તાલુકાના ચેરમેન-મંત્રીઓ તથા આગેવાનોની સભા પાંથાવાડા નજીક ગોગુપીયા મહાદેવ મંદિરના પટાંગણમાં સભા યોજાઈ, જયારે ડીસા તાલુકાની સભા માર્કેટયાર્ડ ડીસા ખાતે યોજાઈ.

આ તમામ સભાઓમાં બનાસડેરીના ચેરમેન અને રાજય સરકારના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત આગેવાનોને માહિતી આપતા જણાવેલ કે આપણી કાંકરેજી ગાયનું સંવર્ધન કરી વિપુલ પ્રમાણમાં દૂધ ઉત્પાદન કરી આ ઔષધી સમાન દૂધનું અમુલ બ્રાન્ડથી વેચાણ માટે મુકવા પ્રધાનમંત્રીશ્રી ડીસા મુકામે લોન્ચીંગ કરશે. શ્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં જણાવેલ કે વર્તમાન પરિસ્થિતિમાં સમગ્ર વિશ્વ આર્થિક મંદીમાં ફસાયેલ છે ત્યારે આપણે સૌ બનાસડેરીની રોકડી આવકના કારણે આ તકલીફથી બચ્યા છીએ.

બનાસકાંઠા જિલ્લાના તમામ ગામોથી મોટી સંખ્યામાં જિલ્લાવાસીઓ પ્રધાનમંત્રીને સાંભળવા તથા તેમના સંદેશા અને માર્ગદર્શન દ્વારા બદલાતા બનાસકાંઠાને વિશ્વના તખ્ત ઉપર લઈ જવા જન સભામાં અપીલ કરેલ છે.

આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રી અને બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ, બનાસડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દિનેશભાઈ દવે, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી અમૃતભાઈ દવે, શ્રી ભારતસિંહ ભટેસરીયા, ધાનેરાથી પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ અને પૂર્વ ધારાસભ્યશ્રી મફતલાલ પુરોહીત, ભાજપના જિલ્લા ઉપપ્રમુખશ્રી વસંતભાઈ પુરોહીત, શ્રી મેરૂજી ધુંખ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી રાજુભાઈ જોષી, બનાસડેરીના ડીરેકટરશ્રી પી.જે. ચૌધરી સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

બનાસબેંકના ચેરમેનશ્રી એમ.એલ. ચૌધરીએ સભામાં સહકારી આગેવાનો અને કાર્યકરોને પ્રધાનમંત્રીશ્રીની ડીસા ખાતેની સભામાં ઉત્સાહભેર ઉમટી પડવા હાકલ કરી હતી.

શામળાજી હાઈવે પર બાઈક સવાર મહિલાનો દોરો ખેંચાયો

મોડાસા તા.૪

અરવલ્લી જિલ્લામાં આજે સાંજના સમયે મોડાસા શામળાજી હાઈવે ઉપર ખેરંચા પાસે પોતાની બાઈક ઉપર પતિની પાછળ બેસી પસાર થઈ રહેલ મહિલાના ગળામાંથી બાઈક ઉપર આવેલા અજાણ્યા બે શખ્સો ફિલ્મી ઢબે બે તોલા સોનાનો દોરો ખેંચી પલાયન થવા જતા આ જ બાઈકથી પીછો કરાતા અજાણ્યા શખ્સો એમનું બાઈક મૂકી ફરાર થઈ ગયા હતા.

મોડાસાના ભાટકોટા ગામેથી મહેશ નટવરલાલ બારોટ પોતાના પત્ની મીનાબેન સાથે પોતાની બાઈક ઉપર સવારે ખેડબ્રહ્મા ખાતે લગ્નમાં ગયા હતા.લગ્નમાં હાજરી આપીને આ દંપતી ખેડબ્રહ્માથી બાઈક પરત ભાટકોટા આવી રહ્યું હતું ત્યારે આજે સાંજના આશરે સાડા ચાર વાગ્યાના અરસામાં શામળાજી નજીક મોડાસા રોડ ઉપર ખેરંચાની સીમમાંથી પસાર થતા હતા ત્યારે કોઈ અજાણ્યા બે બાઈક સવારો ફિલ્મી ઢબે આવી બાઈક પાછળ બેઠેલ મીનાબેન મહેશભાઈ બારોટના ગળામાંથી દોઢ તોલાનો દોરો ખેંચી ફરાર થઈ ગયા હતા.

અલબત્ત,મહેશ બારોટ હિંમત દાખવીને પોતાની બાઈકથી પેલા અજાણ્યા શખ્સોની બાઈકનો પીછો કરતાં એ અજાણ્યા શખ્સો તેમની બાઈક રસ્તામાં મૂકી નાસી છૂટ્યા હતા.

સામાન્ય રીતે ગીચ વસ્તીવાળા શહેરી વિસ્તારોમાં બનતા ચેઈન ખેંચવાના આવા બનાવો હાઈવે માર્ગ ઉપર પણ બનતા દંપતી આ ઘટનાથી ડઘાઈ ગયું હતું.આ બનાવ સંદર્ભે શામળાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે આજરોજ સેવા સેતુ કાર્યક્રમ યોજાતા મોડાસા પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ ઉપરાંત અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ કર્મચારીઓએ સ્થળ ઉપર વ્યક્તિગત રજૂઆતો માટે આવેલ. લોકોના વિવિધ યોજનાકીય કામો, વિવિધ લાભાર્થી કાર્ડ, અટવાયેલ પ્રશ્નોના સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાનના આગમન ટાણે

પાલનપુર ખાતે ૨૦૦ જેટલા દલિતોનું બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાનું એલાન

આજે આંબેડકર નિર્વાણ દિને જ દલિત અત્યાચારોના વધતા જતા બનાવોને પગલે ધર્મ પરિવર્તન કરશે

પાલનપુર, તા.૫

ઉના દલિત અત્યાચાર બાદ સરહદી બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના કરજા ગામમાં બનેલા દલિત અત્યાચારના દલિત સમુદાયમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતાં. ત્યારે ફરી એકવાર વડાપ્રધાનના આગમન ટાણે દલિત અત્યાચારનો મુદ્દો સળવળ્યો છે. જેમાં છઠ્ઠી ડિસેમ્બર-ડો.આંબેડકર નિર્વાણ દિને બનાસકાંઠા જિલ્લાના ૨૦૦ જેટલા દલિતો બૌદ્ધ ધર્મ સ્વીકારી ધર્મ પરિવર્તન કરવાનું એલાન કરતા ચકચાર મચી જવા પામી છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના આગમન ટાણે બનાસકાંઠા ના ૨૦૦ જેટલા દલિતો ધર્મ પરિવર્તન કરી બૌદ્ધ ધર્મ અપનાવવાનું એલાન કર્યું છે. આવતીકાલે ડો.આંબેડકર નિર્વાણ દિને પાલનપુર ના માલણ દરવાજા પાસે આવેલા રામદેવ પીર ના મંદીર મા ૨૦૦ જેટલા દલિતો બૌદ્ધ ધર્મ અંગીકાર કરશે. અગાઉ ઉના કાંડ તથા બનાસકાંઠા ના કરજા ગામે દલિત પર અત્યાચાર ને પગલે તથા દલિતો પર થતા અત્યાચાર ને પગલે અગાઉ જીલ્લા કલેક્ટર ને ૧૯૧ દલિતો ની યાદી સુપ્રત કરી હતી. યાદી સોંપી ને અગાઉ જીલ્લા કલેક્ટર ને ધર્મ પરિવર્તન કરવાનું પણ જાણ કરાઈ હતી.જો કે ગુજરાત મા દલિતો પર વધતા અત્યાચાર ને પગલે આ નિર્ણય લેવાયો હોવાનું બનાસકાંઠા દલિત સંગઠનના પ્રમુખ દલપત ભાટિયાએ જણાવ્યું હતું.

મોડાસામાં ભાવસાર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

સાકરીયા, તા. ૫

મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનો ૩૦મો સ્નેહમિલન સમારોહ શહેરના ઓઘારી મંદિર ખાતે યોજાયો હતો. જેમાં પ્રમુખ સ્થાને જયંતીલાલ ભાવસાર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહમિલન સમારોહના પ્રારંભે ભાવસાર સમાજ સંચાલિત વિવિધ સંસ્થાઓ, યુવક મંડળ, હિંગળાજ મહિલા મંડળ તેમજ હિંગળાજ ક્રેડિટ કો. ઓપરેટીવ ગ્રાહક ધિરાણ મંડળીના વાર્ષિક અહેવાલનું વાંચન કર્યું હતું. બાદમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રમાં નામના મેળવનાર મહાનુભાવોને શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ભાવસાર સમાજના પ્રમુખ હર્ષદભાઈ ભાવસાર, મંત્રી પ્રકાશકુમાર ભાવસાર સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

કડીમાં શહેરી વિસ્તારનો 'સેવા સેતુ' કાર્યક્રમનો પ્રારંભ

રાજ્ય સરકાર દ્વારા નવતર અભિગમ એવા શહેરી સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત સમગ્ર રાજ્યમાં આજે કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના બે શહેરી વિસ્તારો કડી અને ખેરાલુ નગરપાલીકાના વિસ્તારોને આવરી લેતા સેવા સેતુ કાર્યક્રમનો મહેસાણા જિલ્લાના ઈચા. કલેકટર એસ કે લાંઘાએ કડી નગરપાલીકાના ટાઉન હોલ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો.

કડી ટાઉનહોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રારંભની શરૂઆતના માત્ર એક કલાકમાં ૩૦૦ જેટલા લાભાર્થી ઉમટી પડયા હતા. તે પૈકીના ૧૨૦ કરતા વધારે લાભાર્થીઓને તેમની જરૂરીયાતના મુખ્ય મંત્રી અમૃતમ યોજના, આધાર કાર્ડ, નવા જનધન યોજનાના બેંક ખાતાઓ, વિકલાંગતાના પ્રમાણપત્રો, વારસાઈ સંબંધીત દાખલાઓ, ડીઝીટલી કેસલેસ ટ્રાન્ઝેકશન માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કડી ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં ૫૦૦ જેટલા અરજદારો દ્વારા વ્યક્તિલક્ષી પ્રશ્નોની અરજીઓ આપવામાં આવી હતી. જેમાંથી ૩૫૦થી વધુ અરજીઓનો સ્થળ પર નિકાલ કરી પ્રમાણપત્ર તેમજ જવાબ આપવામાં આવ્યા હતા.

સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેસાણા ના ઈચા. જિલ્લા કલેકટર એસ કે લાંઘાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારના આ નવતર અભિગમની શરૂઆત કરાવી છે. ઈચા.કલેકટર એસ કે લાંઘાએ લોકોને સેવા સેતુ કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર કરી વધુમાં વધુ શહેરી નાગરીકો લાભ લેવા માટે ખાસ અપીલ કરી હતી. જિલ્લા કલેકટરશ્રી એસ કે લાંઘા તેમજ કડી નગરપાલીકાના પ્રમુખ કનુભાઈ પટેલ, સ્થાનીક પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ જિલ્લાના અધિકારીઓ, તાલુકાના પદાધિકારીઓ, મહાનુભાવો દ્વારા સ્થળ પર અરજદારોને આવકના પ્રમાણપત્ર, વિધવા સહાય આદેશ સહિત વિવિધ પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા હતા.

માતાજીના પરમ ભક્ત વલ્લભ ધોળાના નવમપ્રપૌત્ર હિંમતનગરમાં

હિંમતનગર, તા.૫

હિંમતનગર શહેરમાં માતાજીના પરમ ભક્ત વલ્લભ ધોળાના આધ્યાસ્થાન કલ્પેશભાઈ ભટ્ટ પૂર્વ કોર્પોરેટ રાહુલભાઈ ભટ્ટના નિવાસ સ્થાને પધારેલ. જયાં તેમને આનંદ ગરબા મંડળ ચલાવતા ભક્તજનોને આશીર્વાદ વચન આપેલ. તથા આશીર્વાલ આનંદ ગરબા મંડળ ચલાવતા સ્મીતાબેન હિતેશભાઈ સોની તથા રૂપાબેન નિલેષભાઈ માંડલીયાના નિવાસ સ્થાને પણ પધરામણી કરેલ. આ પ્રસંગે તેમને જણાવેલ કે, આનંદનો ગરબો ઘણા ગીતો ઉપર પણ ચલાવે છે. તેનો એમને સખ્ત વિરોધ કરેલ. તથા ફિલ્મો ગીતો આધારીત આનંદનો ગરબો ન ગણાય તેવી તેમને મંડળના બહેનોને ટકોર કરેલ અને આજથી ૩૪૦ વર્ષ પહેલા મા ના પરમ ભક્ત વલ્લભ ભટ્ટે આ આનંદનો ગરબો રચેલ તે વિષયની છણાવટ કરેલ. હિંમતનગર શહેરમાં આવેલ હરસિદ્ધ માતાના મંદિરે પૂજા-અર્ચનાનો લાભ લીધેલ. જયાં મોટી સંખ્યામાં હરસિદ્ધ મહિલા મંડળ ચલાવતા મિનાબેન શાહ દ્વારા તથા મંડળ ટ્રસ્ટના સભ્ય ડૉ. ચિમનભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. અને શાલ ઓઢાળીને સન્માન કરેલ.

આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકાના ઉપપ્રમુખ અનિરુદ્ધ સોરઠીયા, કારોબારી અધ્યક્ષ વિમલભાઈ ઉપાધ્યાય, હિંમતનગર નાગરીક સહકારી બેંકના ડિરેકટર મૌલેશભાઈ સોની, આશીર્વાદ આનંદ ગરબાના સભ્યો, મોદી સમાજ મહિલા મંડળના સભ્યો, હરસિદ્ધ મહિલા મંડળના સભ્યો દ્વારા કલ્પેશભાઈ ભટ્ટનું સ્વાગત કરવામાં આવેલ તથા મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહેલ.

કાંકરેજના રાંનેર ગામે દૂધ ડેરીનો પગાર દેના ગ્રામીણ બેંકમાં જમા થયો પણ ગ્રાહકોને ઠેંગો

શિહોરી, તા. ૫

કાંકરેજ તાલુકાના રાંનેર ખાતે ચાર ડેરીઓ આવેલી છે. જેના દૂધ ગ્રાહકોનો પગાર રાંનેર દેના ગ્રામિણ બેંકમાં જમા થયો હોવા છતાં ગ્રાહકોને ન ચૂકવાતા દૂધ ઉત્પાદકોમાં રોષ જોવા મળ્યો હતો.

જો કે બનાસડેરી પગાર રૂ. ૧૫ લાખ, હિરાપુરા ડેરી રૂ. ૧૦ લાખ, નાનજીપુરા ડેરી રૂ. ૯ લાખ, જમણાપાદર ડેરી રૂ. ૧૨ લાખ આમ ચાર ડેરીનો કુલ રૂ. ૪૩ લાખ જેટલો જમા થયો હોવા છતાં બેંક મેનેજર દ્વારા ચુકવણું ન કરાતા ગ્રાહકો અને બેંક કર્મચારીઓ વચ્ચે તુ-તુ મે-મે સર્જાયુ હતુ. જોકે ૧-૧૧-૨૦૧૬થી ૧૫-૧૧નો પગાર ૧૬-૧૧-૨૦૧૬ થી ૩૦-૧૧-૨૦૧૬ સુધીના બે પગારો જમા થયેલા છે.

પરંતુ મેનેજર કેશ આવી નથી તેવું રટણ કરી રહ્યા છે. જ્યારે બેંકમાં કેશ જ આવી નહિ હોય તે વાત કોઈને ગળે ઉતરે તેવી નથી. જ્યારે રાંનેર દેના ગ્રામિણ બેંકમાં છ હજાર જેટલા ખાતેદારો છે. આ તમામને આવી પોજીશન હશે કે પછી મેનેજરના મળતીયા દ્વારા વાલા દવલાની નીતિ અપનાવી ભાગ બટાઈ કરી આવેલ કેશ સગેવગે કરી હોવાનું ગ્રામ લોકોએ હોબાળો મચાવ્યો હતો. પરંતુ મેનેજર પોલીસ બોલીસ બોલાવી દઈશ જેવી ધમકીઓ ગ્રાહકોને આપીને ડરાવતા હોવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યો છે. જ્યારે રાંનેર સરપંચ અજિતસિંહ જાદવે આવેલ કેશ બાબતે લેખિત ખુલાશો માગતા હડકંપ મચી જવા પામ્યો છે.

કાંકરેજ તાલુકા પંચાયતમાં સરપંચની ચૂંટણીમાં ૩ ફોર્મ ભરાયા

શિહોરી, તા. ૫

ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેરનામુ બહાર પડતાં જ ગામડાઓમાં સરપંચોની ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં હલચલ શરૂ થઈ ગઈ છે. ત્યારે કાંકરેજ તાલુકા પંચાયતમાં ચૂંટણી અધિકારી કે.એમ. રબારી, આર.એચ. બારોટના ટેબલ ઉપર કુંવરવા ગ્રામ પંચાયતમાંથી ત્રણ ફોર્મ ભરાયા હતા. કુડેચા ઈશ્વરજી અગરાજી, વાઘડા જીવાભાઈ ગગદાસભાઈ, પટેલ નવિનકુમાર પરાગભાઈએ સરપંચ તરીકે ઉમેદવારી નોંધાવી શ્રીગણેશ કર્યા હતા. જો કે આ ત્રણ ફોર્મ સિવાય પહેલા દિવસે કોઈ પણ ગામનું એકે ફોર્મ ભરાયું નહોતુ. સરપંચના ઉમેદવારને રૂ. ૨૦૦૦ની ડિપોઝીટ તેમજ ચૂંટણી પંચે નક્કી કરેલા રૂ. ૨૦ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ તેમજ ગરે શૌચાલય ફરજીયાત હોવાનું તેમજ સર્વે ઘરના સભ્યો ઉપયોગ કરે છે તેવું સ્પષ્ટ લખાણ સાથે બાંહેધરી ફરજીયાત છે. આમ કાંકરેજમા ઘણી ગ્રામ પંચાયતોબિનહરિફ થવાની શક્યતાઓ છે. જ્યારે ઘણી પંચાયતોમાં જોરસોરથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ થઈ ચૂક્યા છે.